# જન્માષ્ટમી જેવા જ ભાવથી રાધાષ્ટમી ઉજવવી જોઈએ

## ધર્મ મર્મ

શ્રીજીવ વ્યાસ

ભગવાન શિવની આરાધનાનો શ્રાવણ મહિનો અને તે સાથે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી થઈ. હવે ભાદરવા સુદ ચોથથી વિઘ્નહર્તા-સુખકર્તા ગણપતિજીની પધરામણી થશે. તેના દશ દિવસોની ઉજવણી દરમિયાન આઠમની તિથિ રાધાષ્ટમી તરીકે ઉજવાશે. એક દૃઢ માન્યતા છે કે જન્માષ્ટમીની ઉજવણી કરો અને રાધાજીના જન્મની ઉજવણી નહીં કરો તો જન્માષ્ટમીની ઉજવણી-ભક્તિનું ફળ મળતું નથી.



દેવી ભાગવત ૯/૧ અનુસાર, શ્રી રાધાજીનું સ્થાન પણ ખૂબ ઊંચું છે. પુરાણ અનુસાર રાધા માત્ર બરસાના નિવાસી વૃષભાનુની માત્ર પુત્રી જ નથી. જેમ શ્રીકૃષ્ણ પરમાત્માનો અવતાર છે તે જ રીતે શ્રી રાધા પણ પરાશક્તિનો અવતાર છે. 'આદ્યા' પ્રકૃતિના પાંચ રૂપ છે. દુર્ગા, રાધા, લક્ષ્મી, સરસ્વતી અને સાવિત્રી. જ્યાં પણ શ્રીકૃષ્ણની પૂજા થાય છે ત્યાં શ્રી રાધા સાથે હોય છે એટલે 'શ્રીરાધાકૃષ્ણાભ્યાં નમઃ'- કહેવામાં આવે છે, રાધા એ કૃષ્ણની ચિત્ત શક્તિ છે તેના સંયોગથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે. તે અંગેની વિશેષ કથા પણ છે.

રાધાની ઉપાસના આધુનિક નથી. રાધાનું સ્થાન મુખ્ય શક્તિઓમાં છે. જે સ્થાન લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતીનું છે તે સ્થાન રાધાનું પણ છે એટલે દેવી ભાગવતમાં એક શ્લોક છે. 'ગણેશજનની, દુર્ગા, રાધા, લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી ચ સૃષ્ટિવિધૌ પ્રકૃતિઃ પંચધા સ્મૃતા.' આપણે ત્યાં જે દેવ પૂજનીય ગણાય છે તેમની સાથે તેમની શક્તિઓની પણ પૂજા આવશ્યક ગણવામાં આવી છે. પૂજન વિધિઓમાં પણ શક્તિઓનો ઉલ્લેખ પહેલો આવે છે જેમ કે 'શ્રીગૌરીશંકરાભ્યાં નમઃ, શ્રીલક્ષ્મીનારાયણાભ્યાં નમઃ, શ્રીરાધાકૃષ્ણાભ્યાં નમઃ, શ્રીસીતારામાભ્યાં નમઃ.'

> જ્યાં પણ શ્રીકૃષ્ણની પૂજા થાય છે ત્યાં શ્રી રાધા સાથે હોય છે એટલે 'શ્રીરાધાકૃષ્ણાભ્યાં નમઃ'- કહેવામાં આવે છે, રાધા એ કૃષ્ણની ચિત્ત શક્તિ છે તેના સંયોગથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે

સીતા, રાધા, દુર્ગા એ બધા વાસ્તવમાં અલગ નથી. એ મૂળભૂત રીતે એક જ છે. ઉદ્દેશ્યભેદથી તેમણે વિવિધ રૂપ ધારણ કર્યા છે. વેદમાં બધા વિષય 'બીજ' ભાવથી અને સામાન્ય ભાવથી છે. તે સમજવા વિશિષ્ટ દૃષ્ટિ જરૂરી છે. વેદમાં જેનું ઉમા નામથી ગાન કરવામાં આવ્યું છે તે 'બ્રહ્મવિદ્યા' રાધાનું સ્વરૂપ છે. બ્રહ્મવિદ્યા સદૈવ પરમાત્માની સાથે રહે છે. તે ક્યારેય પરમાત્માથી અલગ નહીં રહી શકે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં રાધાના સ્વરૂપ અને ઉત્પત્તિતત્ત્વનું વર્ણન છે. તે મુજબ રાધા અને દુર્ગાને અભેદ જણાવ્યા છે. નારદ પંચરાત્રમાં વર્ણવેલ શ્રી રાધાના સહસ્ત્રનામનો પાઠ કરવાથી રાધાનું સ્વરૂપ જાણી શકાય તથા તે સીતા અને દુર્ગાથી અભિન્ન છે તે પણ સમજી શકાય. દેવી ભાગવત અનુસાર, રાધા એ પ્રાણશક્તિ છે અને દુર્ગા એ બુદ્ધિશક્તિ છે.

ભગવાન સ્વયં કહે છે કે, 'હે રાધે, તું મને મારા પ્રાણથી પણ વધુ પ્રિય છે. તું પરમ પ્રેયસી છે. જેવી તું છે તેવો જ હું છું. મારામાં તારામાં કોઈ ભેદ છે જ નહીં. જેમ દૂધમાં સફેદી, અગ્નિમાં દાહક શક્તિ અને પૃથ્વીમાં ગંધ છે તે જ રીતે હું તારામાં સ્થિત છું. હું તેજસ્વી સ્વરૂપ છું તો તું તેજરૂપ છો જ્યારે હું શરીર ધારી હોઉં છું ત્યારે તું શરીરધારિણી હોય છે. તાત્પર્ય એ જ કે, તું મારી અધોંશસ્વરૂપા છો.' હે રાધા, તું મારા પ્રાણ સમાન અને હું તારા પ્રાણ સમાન છું. એક જ શરીરના અવયવોની જેમ તારામાં અને મારામાં કોઈ ભેદ નથી. સ્કંદપુરાણ અનુસાર, તેની સાથે (કૃષ્ણ) સાથે રમણ કરવાથી રાધિકા સાક્ષાત્ તેનો આત્મા છે. મૂળ તત્ત્વના જ્ઞાતા આત્મારામના સ્વરૂપથી તેને જાણે છે એ રાધા સાક્ષાત્ કૃષ્ણ જ છે. કૃષ્ણ રાધા છે.'

'રાધાની આત્મા નિત્ય શ્રી કૃષ્ણ છે અને કૃષ્ણની આત્મા નિત્ય શ્રીરાધા છે. વૃંદાવનની ઈશ્વરી રાધા છે તે કારણે હું (કૃષ્ણ) રાધાની નિત્ય આરાધના કરું છું. જે કૃષ્ણ છે તે જ રાધા છે અને જે રાધા છે તે જ કૃષ્ણ છે. રાધા-માધવ રૂપથી એક જ્યોતિ બે પ્રકારે પ્રગટેલી છે-બ્રહ્માંડ પુરાણ. એટલે જ લોકભાષામાં કહેવામાં આવે છે કે 'રાધા બિના કાના આધા'. રાધાને પૂર્ણબ્રહ્મજ્યોતિ કહેવામાં આવી છે. એથી રાધાજીનો જન્મોત્સવ તથા ભક્તિ જન્માષ્ટમીના ઉત્સવની જેમ કરવી જોઈએ. રાધાજી 'શ્રી કૃષ્ણ પ્રાણેશ્વરી, રાસેશ્વરી' જેવા નામોથી પણ ઓળખાય છે. "રાધેકૃષ્ણ" શબ્દમાંથી 'ર'કાર વર્ણનો લોપ કરવામાં આવે તો 'ર'કારના સ્થાનમાં માત્ર 'આ' રહી જાય જેથી 'આધેકૃષ્ણ' સમજાય. 'ઈદં ન મમ'.


---

# સમય બોલે છે

## માધવ મલ્હાર

તપન ત્રિવેદી

સમય અને સચ્ચાઇ માનવજીવનનું બહુ મોટું પરિબળ છે. સમય સચ્ચાઈને પ્રગટ કર્યા વિના રહેતો નથી. સચ્ચાઇ સમયના અશ્વ પર સવાર થઈને આવે છે ત્યારે જીવન, જગત, સંસાર, પાત્ર, પરિસ્થિતિના મૂળ રહસ્યને ઉજાગર કરી દે છે. સમય અને સચ્ચાઈ માનવજીવનનું શિરછત્ર છે એમાં આવશ્યકતા છે પ્રામાણિકતાની, નીતિનિષ્ઠાની, પ્રતીક્ષાની. સમય કોઈની શેહશરમ રાખતો નથી. એક પ્રસંગ કયાંક સાંભળેલો તે અત્રે રજૂ કરું છું. એક ગામમાં એક ફકીર પોતાની એક ઝૂંપડીમાં રહેતો હતો અને ભગવદ્ ભજન કરતો હતો. તે પોતાની ભક્તિની મસ્તીમાં મસ્ત અને વ્યસ્ત રહેતો હતો. ગામમાં રહ્યે ઘણો સમય પસાર થઇ ગયો. તેની પાસે ગામમાં લોકો અવારનવાર સત્સંગ કરવા આવતાં હતાં. સૌને તે શ્રદ્ધાથી પોતાના ઈષ્ટનું સ્મરણ કરવા કહેતો હતો. એક વાર ગામની એક કુંવારી યુવતી ગર્ભવતી થઈ. તેના પિતાએ તેને ઘણી ધમકાવી અને પૂછ્યું કે '' બોલ, આ પાપ કોનું છે? આ બાળકનો પિતા કોણ છે?'' યુવતી એ યુવકનું નામ જાહેર કરવા નહોતી માંગતી. તેને આ ફકીરનો વિચાર આવ્યો કે આ ફકીરનું નામ દઈ દઉં અને તેણે તેના પિતા સમક્ષ આ ફકીરનું નામ આપ્યું. ફકીરનું નામ આવતાં ગામલોકો એના પર તૂટી પડયાં. ફકીરને ખૂબ માર્યો પણ ફકીરે એક હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નહીં. સૌને ખાતરી થઇ ગઇ કે આ બાળકનો પિતા આ ફકીર જ છે. પોતાનું દુષ્કૃત્ય પ્રગટ થઇ ગયું એટલે જ એ મૌન રહ્યો છે.સમય જતાં પેલી યુવતીએ બાળકને જન્મ આપ્યો. એ બાળકને લઈને યુવતીના પિતા અને સગાંસંબંધી પેલા ફકીરને આપી આવ્યા ને કહે, ''લે આ બાળક તારું છે ને? હવે એને મોટો કરવાની, ઉછેરવાની જવાબદારી તારી. બધા તો બાળકને ફકીર પાસે મૂકીને ચાલ્યાં ગયાં. બાળકે તો હજી આંખો પણ ખોલી નહોતી. એક ચિંથરા જેવા કપડામાં વીંટળાયેલું હતું. ફકીરે બાળકને હૃદયસરસું ચાંપ્યું અને ઈશ્વરને પ્રાર્થના કરી કે હે પ્રભુ, તું આ બાળકની રક્ષા કરજે. તું તો અંતર્યામી છે. તેને બધી જ ખબર છે.મારી સચ્ચાઇ પ્રગટ કરવાની જવાબદારી તારી છે. હું કંઈ જાણું નહીં. ફકીર તો સમગ્ર સમય દરમ્યાન ઘેર ઘેરથી દૂધ ઉઘરાવી બાળકને પીવડાવતો અને ઉછેર્યો...



> સત્ય જ ઇશ્વર છે. ઇશ્વર જ સત્ય છે. જુઠાણું કદી પણ લાંબો સમય ટકતું નથી. છળકપટ, ચાલબાજી તત્ક્ષણ જીતે છે પણ એનો પર્દાફાશ પણ ખૂબ જ જલદી થાય છે. એ માટે સહન કરવું પડે

એક વર્ષનો સમય પસાર થઈ ગયો. પેલી યુવતીને પોતાની ભૂલ સમજાઈ. ફકીરને બદનામ કરવા બદલ પસ્તાવો થયો. તેણે પિતાને, પોતાનાં સગાંસંબંધીઓ, ગામલોકોને ભેગાં કર્યાં અને કહ્યું કે આ ફકીર નિર્દોષ છે. મારા બાળકનો પિતા એ નથી. ગામલોકોએ ફકીરને પણ સભામાં બોલાવ્યો. યુવતીએ ફકીરની માફી માંગી.

સભામાં ગામલોકોએ ફકીરને પૂછ્યું કે તમે સંપૂર્ણ નિર્દોષ હતા છતાં આટલો બધો માર કેમ ખાધો? અને આટલી બધી તકલીફ વેઠી આ બાળકને કોઈ જ ફરિયાદ વિના ઉછેર્યું અને મોટો કર્યો. ફકીર સંપૂર્ણ મૌન રહ્યા અને પછી એટલું જ બોલ્યા '' સમય બોલે છે...''

સમય બહુ મોટું પરિબળ છે.ઔષધ છે. સમય બળવાન છે.આ બળવાન સમય ત્યારે જ બોલે કે જયારે આપણે સાચાં હોઈએ. આપણી સચ્ચાઈમાં આપણને શ્રદ્ધા હોય, ઈશ્વરમાં શ્રદ્ધા હોય, આ સચ્ચાઇ, આ શ્રદ્ધા આપણો આત્મવિશ્વાસ બને છે. આપણી આત્મપ્રતીતિ બને છે. આત્માનો અવાજ બને છે. જયારે આત્મા જવાબ આપે છે ત્યારે માણસમાં વિષમ, વિકટ પરિસ્થિતિને પાર કરી જવાનું બળ મળે છે. આ બળ તેને અંદરથી મૌન બનાવી દે છે. બહાર પણ મૌન રહે છે.

આ પ્રસંગમાં ફકીર સંપૂર્ણ સાચો હતો. તેને તેની સચ્ચાઈમાં, ઈશ્વરમાં શ્રદ્ધા હતી. વિશ્વાસ હતો અને પોતે ફકીર હોવાના નાતે તેણે મૌન ધારણ કર્યું એટલું જ નહીં મૌન ધારણ કરીને તે સમયની પ્રતીક્ષા કરવા લાગ્યો. આ જ સમયે પેલી યુવતીને સચ્ચાઇનું, પોતાની ભૂલનું ભાન કરાવ્યું એટલું જ નહીં સમયના આ પટ પર જાહેરમાં ફકીરની સચ્ચાઇ તરી આવી. સમયના આ પટ પર પેલી યુવતીનું કપટ, તેની ભૂલ તરી આવી અને ફકીરને નિર્દોષ સાબિત કરવા પોતે જાહેરમાં માતા-પિતા પરિવાર સગાંસંબંધી અને ગામલોકોને ભેગાં કર્યાં. આ સમયની બલિહારી છે. સમય આમ બોલે છે. સચ્ચાઇ સમયના પ્રલંબ પટ પર સૂર્યના પ્રકાશની જેમ પ્રકાશિત થઇ ઊઠે છે. આપણાં શાસ્ત્રો, સન્તો સત્યાચરણનો મહિમા લોકોને સમજાવતાં રહ્યાં છે. સત્ય જ ઈશ્વર છે. ઈશ્વર જ સત્ય છે. જુઠાણું કદી પણ લાંબો સમય ટકતું નથી. છળકપટ, ચાલબાજી તત્ક્ષણ જીતે છે પણ એનો પર્દાફાશ પણ ખૂબ જ જલદી થાય છે. એ માટે સહન કરવું પડે. ઈશ્વરપરાયણ બનવું પડે અને સત્યાચરણને બને એટલા બળથી વળગી રહેવું પડે. સત્યાચરણની-સમયની આ ઉપલબ્ધિ છે. આપણા જીવનમાં આપણે હરહંમેશ સત્યનિષ્ઠ રહીએ. કયારેય કોઇ પણ સંજોગોમાં અનીતિ, છળકપટ કે કોઈને ઊતારી પાડવાની, કોઇનું અહિત કરવાની, કોઈની લીટી ભૂંસીને આપણી લીટી મોટી બનાવવાનો કયારેય પ્રયાસ ન કરવો. ઈશ્વરનિષ્ઠ બની આપણા તમામ અભાવો સ્વીકારી લઈને આપણી તમામ વિષમ, વિકટ પરિસ્થિતિમાં સચ્ચાઈને વળગી રહીએ તો સમય આપણને સાથ આપે જ છે. આપશે જ. સમય-ઈશ્વર પણ આપણા ધૈર્યની કસોટી કરે છે. એ અંતર્યાયી આપણી સચ્ચાઇ, આપણું છળકપટ જાણે જ છે. જુએ જ છે અને આપણને પાર ઊતારશે જ એવી અડગ શ્રદ્ધા રાખીશું તો આપણે માટે પણ સમય બોલશે જ. આપણે પણ આપણા જીવનમાં કાર્યનિષ્ઠ રહી સમયને બોલવા દઈએ. સમયનો અવાજ અત્રતત્રસર્વત્ર પહોંચી જશે. આવશ્યતા છે સચ્ચાઈને ધારણ કરી રાખવાની, જીરવી લેવાની.